www.prepp.in

Prepp
Your Personal Exams Guide

UPSC CSE 2017 MAINS PAPER 7 NOVEMBER 03, 2017 GUJARATI OPTIONAL PAPER - II QUESTION PAPER

# ગુજરાતી (પેપર-II)

(સાહિત્ય)

| સમયમર્યાદા : ત્રણ કલાક | મહત્તમ ગુણ : 250 |
|---|---|

**પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ**

**પ્રશ્નોના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો**

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી એક પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સામે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતીમાં (ગુજરાતી લિપિમાં) જ લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

# GUJARATI

PAPER—II

( LITERATURE )

| Time Allowed : Three Hours | Maximum Marks : 250 |
|---|---|

**QUESTION PAPER SPECIFIC INSTRUCTIONS**

**Please read each of the following instructions carefully before attempting questions**

There are EIGHT questions divided in two Sections.

Candidate has to attempt FIVE questions in all.

Question Nos. **1** and **5** are compulsory and out of the remaining, THREE are to be attempted choosing at least ONE question from each Section.

The number of marks carried by a question/part is indicated against it.

Answers must be written in GUJARATI (Gujarati Script).

Word limit in questions, if specified, should be adhered to.

Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.

www.prepp.in

## SECTION—A

**1.** નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (*150* શબ્દોમાં) : 10×5=50

*(a)* ''અલિમકચંદોહે મુહરિયા કુહરિયા સવિ સહકાર,
વસંત તણા ગુણ ગહગહયા મહમહયા સવિ સહકાર''

*(b)* ''નામિ નરપતિ ત્રાસ જ પામિ જે મહાબલિયા યોધ,
શત્રુમંડલિનિ મનિ ભાસિ નરહરિના સમુ ક્રોધ''

*(c)* ''ભાભી અમારાં વઢકણાં, તે શું લોહીડું શોષે?''

*(d)* ''એકાદશ વર્ષની અર્ભકી ચતુરા ચતુર સુજાણ,
ચંતનીથી સોચટ ઘણી પદમીની પૂર પ્રમાણ''

*(e)* ''ચર્ણ ચીત્તવી સ્તુતિ કરું ચિદ્‌શક્તિ બ્રહ્માનંદની
અણછતે અખો અધ્યારોપ કરે કથા નિજ આનંદની''

**2.** નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક દૃષ્ટિથી ચર્ચા કરો :

*(a)* 'ફાર્બસવિરહ' કરુણપ્રશસ્તિમાંથી પ્રગટ થતું ફાર્બસનું ઉદાત્ત ચરત્રિ. 20

*(b)* 'વસંત વિલાસ' ફાગુકાવ્યમાં પ્રકૃતિનિરૂપણ. 15

*(c)* 'કાદંબરી'માં ભાલણની કથનકળાની યથાર્થતા દર્શાવો. 15

**3.** સદૃષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો :

*(a)* પદ્યવાર્તાના સ્વરૂપલક્ષણોનાં સંદર્ભમાં 'ચંદ્રચંદ્રાવતીની વાર્તા'ની પાત્રસૃષ્ટિનું મૂલ્યાંકન. 20

*(b)* 'સુદામા ચરિત' આખ્યાનનાં કથાવસ્તુમાં નિરૂપીત વિવિધ રસના ઉપલક્ષમાં આખ્યાનકાર પ્રેમાનંદનાં સર્જકકર્મનું મૂલ્યાંકન. 15

*(c)* 'મારી હકીકત'માં આલેખીત નર્મદના જીવન સત્યોને આધારે કૃતિના શીર્ષકની યથાર્થતા. 15

**4.** નીચેનાં પ્રશ્નોને કૃતિનાં મર્મ સંદર્ભે સમજાવો :

*(a)* 'અખેગીતા'માં સચોટ અને રસપ્રદ દૃષ્ટાંતો દ્વારા શુષ્ક તત્ત્વજ્ઞાનનો મર્મસ્પર્શી બોધ. 20

*(b)* 'સરસ્વતીચંદ્ર' - ભાગ-૧ નવલકથામાં નિરૂપીત તત્કાલીન સમાજ. 15

*(c)* 'પૂર્વાલાપ' ના કાવ્યોમાંથી પ્રગટ થતો કરૂણરસ. 15

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## SECTION—B

**5.** નીચે દર્શાવેલ પાંચેય કૃતિઅંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) : 10×5=50

(a) ''ઉદ્દેશ માત્ર દેશની સેવા કરવાનો ને સત્ય શોધવાનો ને તે પ્રમાણે વરતવાનો છે.''

(b) ''હા! તમારા જયદેવને માટે પાટણ રહે તેટલા માટે મારું વેર અને સ્વાર્થ છોડીને આ ઘટમાળમાં ગૂંથાઈ રહ્યો છું''

(c) ''બાપ! તમે મારાં સોનાનાં ઝાડવાં છો,
માફ કરો અને પાછાં વળો''

(d) ''ખરી વાત કરું છું રાજ! હવે મારાથી આ ભૂખ નથી વેઠાતી. જીવ કાઢી નાખું એમજ થાય છે.''

(e) ''જનમસ્થલની ઝાંખી આયુષ્યની અવધે કરું,
ભર્યું જવ હતું તેની યાદે સૂને ઘર સંચરું''

**6.** સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો :

(a) 'પાટણની પ્રભુતા'નું ઐતિહાસિક નવલકથાકૃતિ તરીકે મૂલ્યાંકન કરો. 20

(b) 'હિન્દ સ્વરાજ'માં પ્રગટ થતી ગાંધીજીની સ્વદેશપ્રેમ અને સ્વરાજ સંદર્ભેની વિચારણા સ્પષ્ટ કરો. 15

(c) 'ધ્વનિ' કાવ્યસંગ્રહની રચનાઓમાં ભાષાનિયોજન સંદર્ભે કવિ રાજેન્દ્ર શાહના કવિકર્મનું મૂલ્યાંકન કરો. 15

**7.** નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો :

(a) કથાવસ્તુ અને ચરિત્રચિત્રણનાં પરિપ્રેક્ષ્યમાં 'માનવીની ભવાઈ' નવલકથા ના શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો. 20

(b) 'કાવ્યની શક્તિ'માં રા.વિ. પાઠકે પ્રબોધેલ કાવ્યવિચાર અને કાવ્યસર્જન પ્રક્રિયા વિગતે સમજાવો. 15

(c) 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ-૧ ની કથાઓમાં આલેખાયેલાં ગરવાં ચરિત્ર ચિત્રણો વિશે વિગતે ચર્ચા કરો. 15

**8.** સમીક્ષાત્મક નોંધ લખો :

(a) ભાષા નિયોજન ના ઉપલક્ષમાં 'જનાન્તિકે'ના લલિત નિબંધો નું મૂલ્યાંકન કરો. 20

(b) 'સપ્તપદી' ની કવિતાઓમાં પ્રતીક અને કલ્પનનો વિનિયોગ સદૃષ્ટાંત સ્પષ્ટ કરો. 15

(c) 'રાઈનો પર્વત' શીર્ષકની યથાર્થતા તપાસો. 15

★ ★ ★